PGVCL

# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ

રજી. અને કોર્પોરેટ ઓફિસ, નાના મવા મેઇન રોડ, લક્ષ્મીનગર, રાજકોટ – ૩૬૦ ૦૦૪
CIN: U40102GJ2003SGC042908;
ફોન નંબર : (૦૨૮૧) ૨૩૮૦૪૨૫, ૨૩૮૦૪૨૭; ફેક્સ : ૨૩૮૦૪૨૮;
ઈ-મેલ : forum.pgvcl@gebmail.com; વેબસાઈટ : www.pgvcl.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૨૦/ક્વા-૦૩/૨૦૨૩-૨૪/ ૬૧-૪ તારીખ : ૦૪ - ૦૧ - ૨૦૨૪

<u>રજી. એડી. પત્ર</u>

પ્રતિ,
મેં.સનશાઈન ટાઈલ્સ કંપનીપ્રા.લી.
સર્વે નં.૧૫૦ અને ૧૬૦ પી/૧ સનહિલ સિરામિક પ્રા.લી. ની પાછળ, ૮-અ નેશનલ હાઈવે ,
મું. પો. : ધુવા, તા. : વાંકાનેર, જી. : મોરબી,
પીન કોડ. : ૩૬૩૬૨૧
મોબાઈલ : ૯૦૯૯૦૧૭૨૧૭

**વિષય :** ગ્રાહક નં. ૨૬૮૫૩ અને ૩૩૨૬૭ ના બકીંગ ચાર્જીસ ખોટી રીતે વસુલાત અંગે.

**સંદર્ભ:** આપશ્રીની રજુઆત તા. નીલ.
( અત્રેના ફોરમની નોંધણી નંબર : ૨૦/ક્વા-03/૨૦૨૩-૨૪ )

મહોદયશ્રી,

આપશ્રી દ્વારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે.

જે આપશ્રીને સુવિદિત થાય, આપના સહકાર સહ, આભાર સહ.

આપનો વિશ્વાસુ,

( સી. જે. ગજેરા )
કા.વા. કન્વીનર
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લી., રાજકોટ

બિડાણ : ઉપર મુજબ.

**નકલ સાદર રવાના :**

(૧) અધિક્ષક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વર્તુળ કચેરી, મોરબી.

(૨) કાર્યપાલક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વિભાગીય કચેરી, વાંકાનેર.
સદર નિર્ણયપત્રની નકલ આપશ્રીને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ ( ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ ) વિનિયમો, જાહેરનામા નં.- ૦૨/૨૦૧૯ ની વિનિયમ નં.- ૨.૫૪ અનુસાર, સદર હુકમના પાલન અંગે થયેલ કાર્યવાહીનો અહેવાલ અત્રેની ફોરમ કચેરીને અચૂક મોકલી આપવા વિનંતી.

(૩) નાયબ ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, વાંકાનેર શહેર.

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,રાજકોટ

પી.જી.વી.સી.એલ. રજી. અને કોર્પોરેટ કચેરી, લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

e-mail:forum.pgvcl@gebmail.com

**પી.જી.વી.સી.એલ./સીજીઆરએફ/૨૦/ક્વા-૩/૨૩-૨૪/ ૬૧-૫** **તા. ૦૫-૦૧-૨૦૨૫**

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં.૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં.૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, રાજકોટ સમક્ષ નોંધાયેલ ફરિયાદ.

નોંધણી નંબર -૨૦/ક્વા-૩/૨૩-૨૪ તા.૨૦-૧૧-૨૦૨૩

અરજદાર : શ્રી મેં.સનશાઈન ટાઈલ્સ કંપની પ્રા.લી., ગામ:ધુવા

રજૂઆત કરનાર : અરજદાર વતી તેમના પ્રતિનિધિશ્રી જયંતીલાલ નાગરભાઈ પટેલ

:: વિરુધ્ધ ::

સામાવાળા : કાર્યક્ષેત્ર : પી.જી.વી.સી.એલ. વિભાગીય કચેરી – વાંકાનેર

રજૂઆત કરનાર : શ્રી પી.એસ.ધુલિયા, કાર્યપાલક ઈજનેર, પીજીવીસીએલ, વિભાગીય કચેરી વાંકાનેર

:: કોરમ ::

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

૧) ચેરપર્સન - શ્રી એન.સી. મકવાણા

૨) સભ્ય (ટેકનીકલ) - શ્રી પી.જે.મહેતા

3) સભ્ય (સ્વતંત્ર) - શ્રીમતી નીતીનાબેન એચ. જોષી

સુનાવણી સ્થળ : કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, ગ્રામ્ય વર્તુળ કચેરી, રાજકોટ

તારીખ : ૨૨.૧૨.૨૦૨૩ (શુક્રવાર)

૧.૦ સદર કેસની સુનાવણી તા.૦૮.૧૨.૨૦૨૩ (શુકવાર) ના રોજ રાખવામાં આવેલ હતી, જે રદ કરેલ ત્યારબાદ તા.૨૨.૧૨.૨૦૨૩ (શુકવાર) ના રોજ સુનાવણી કરવામાં આવેલ. જેમાં ઉપર મુજબના પક્ષકારો હાજર રહેલ હતા

## :: અરજદારની રજૂઆત ::

2.0 M/S Sunshine Tiles Co. Pvt. Ltd. having consumer no. 26853 with contract demand-3700 KVA, At:Dhuva and M/S Sunshine Tiles Co. Pvt. Ltd. having consumer no. 33267 with contract demand-4000 KVA, At-Matel, Ta:Wankaner.

2.1 Applicant have installed captive solar power project 3.09 MW at Village-Kamlapur, Ta: Dasada, Dist: Surendranagar. Applicant said solar project taking set off 53% share (1.6377 MW out of 3.09 MW) in con no. 26853 and 47% Share (1.4523MW out of 3.09MW) in con no. 33267.

2.2 Applicant have completed all formalities like GEDA registration, CEI inspection, grid connectivity charges, installation of ABT metering system and execution of wheeling agreement etc. Solar project work completed and commissioned on dt:29.05.2021. For reference, GEDA Commissioning certificate received vide letter no. GEDA/SOL-26374/2021/09/OW/2487 Dtd:02-09-21 which is submitted to Forum.

2.3 At present PGVCL recovered banking charge Rs.1.5/Unit since commissioning of plant and gives set-off unit daily base since commissioning of plant of both connections.

2.4 As per GERC order no. 1936 of 2021 issued final order on Dt:11.6.2021 in which para no.32.1 stated as under.

"They clarify that the decision taken by the Commission for amendment of the Order No. 3 of 2020 Dtd: 08.05.2020 read with Suo-Motu Order No. 6 of 2020 Dtd: 05.08.2020 with to various provisions of the said Order shall be effective from the date of this order. The solar power projects set up prior to order in this petition shall be governed by the provision of the Order No. 3 of 2020 Dtd: 08.05.2020 and Suo-Motu Order No. 6 of 2020 dated 5.08.2020 i.e. pre-amendment of the Order."

The solar projects that may be set up and commissioned on or after the date of this order shall be governed by present order. The provisions of Order No. 3 of 2020 dated 8.05.2020 and Suo-Motu Order No. 6 of 2020 dated 5.08.2020 which are amended by this order are with regards to capacity of the project & commercial aspects i.e. wheeling charge and losses, banking charges, cross subsidy surcharge and additional surcharge, energy accounting, banking period, surplus energy injection rate payable by distribution licensee etc.

As per above provision clearly stated that order issued on Dt:11.6.2021 banking charge applicable but project commissioned on Dt:29.05.2021 so banking charges not applicable to us and unit set off on monthly base.

Applicant has mentioned the case of CGRF under UGVCL of M/s Aerolam Ltd, At Dalpur, Ta: Prantij, Dist.Sabarkanth, have filled case no. UGA 04-002-2022-23 against UGVCL and CGRF give decision in favour of M/S Aerolam Ltd for waive the banking charge and refund the recovered banking charge amount.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

As per GERC order 1936 of 2021, applicant has requested to Forum to waive the banking charge unit setoff on monthly base and refund the recovered banking charges by PGVCL.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૩.૦ અરજદારની ફરિયાદ અન્વયે પીજીવીસીએલ પક્ષકારની લેખિત રજૂઆત પત્ર નં -૭૧૩૯ તા.૨૪-૧૧-૨૦૨૩ નીચે મુજબ કરેલ છે.

૩.૧ ફરિયાદી અરજદાર એચ.ટી. ગ્રાહક નં ૨૬૮૫૩ અને ૩૩૨૬૭ થી M/S Sunshine Tiles Co. Pvt. Ltd. ના નામે વીજજોડાણ ધરાવે છે. ફરીયાદી દ્વારા તા.૧૭-૦૫-૨૦૨૧ ના રોજ પીજીવીસીએલ સાથે સોલાર વ્હીલીંગ એગ્રીમેન્ટ કેપ્ટીવ વીજવપરાશ માટે કરેલ છે. સદર એગ્રીમેન્ટની શરતો મુજબ ગ્રાહક પાસેથી બેન્કિંગ ચાર્જ વસુલવામાં આવે છે, જેની નકલ ફોરમ સમક્ષ રજુ કરેલ છે.

## ::હુકમ::

૪.૦ અરજદારે તથા સામાવાળાની લેખિત રજૂઆત અને રજુ કરાયેલા દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ દ્વારા નીચે મુજબનો નિર્ણય કરાયેલ છે.

૪.૧ ફરિયાદી અરજદારની રજૂઆત મુજબ M/S Sunshine Tiles Co. Pvt. Ltd. ના નામે બે (૦૨) એચ.ટી. (૧) એચ. ટી. ગ્રાહક નં ૨૬૮૫૩ કરારીત વીજભાર ૩૭૦૦ કેવીએ અને (૨) ૩૩૨૬૭ માં ૪૦૦૦ કેવીએનું વીજજોડાણ ધરાવે છે.

૪.૨ સદર ફરિયાદી અરજદાર દ્વારા ૩.૦૯ મેગાવોટ સોલાર પાવર પ્રોજેકટ ગામ: કમલપુર, તા.દશાડા, જી.સુરેન્દ્રગરમાં સ્થાપિત કરેલ છે. સદર પ્લાન્ટનું કમીશન તા.૨૯-૦૫-૨૦૨૧ થી થયેલ છે, જેની વિગત નીચે મુજબ છે.

| | |
|---|---|
| Name | M/s Sunshine Tiles Company Pvt. Ltd. |
| Plant Address | Survey No. 744, 745, Village- Kamalpur |
| GEDA Registration No. | GMSPVIND 26022020-26375 |

| | |
|---|---|
| Capacity of Solar Power Project | 2.5 MW (AC) / 3.089 MW (DC) |
| SPV Modules Type/Male | Poly crystalline / Vikram, Goldi |
| Nos. of Photovoltaic Modules / Rating | 2460/335 Wp. 6763/335 Wp |
| Inverters Type/Make | Central / Chint Power |
| No.'s of Inverter/Rating | 02/1250 kW |
| ABT Meter – Make / Serial No. | Secure / PG 5216 B |
| Name of Substation | 66 kV GETCO S/s, Kamalpur |
| Commissioning Date | 29-05-2021 |

ઉપરોક્ત સોલાર એગ્રીમેન્ટ અન્વયે **Recipient Unit No.1**-એચ.ટી. વીજજોડાણ ગ્રાહક નં -૨૬૮૫૩ માં સેટઓફ ૫૩% (૧.૬૩૭૭ MW) અને **Recipient Unit No.2** -એચ.ટી. ગ્રાહક નં -૩૩૨૬૭ માં ૪૭% (૧.૪૫૨૩ MW) શેરીંગ મંજુર થયેલ છે.

૪.૩ સદર સોલાર એગ્રીમેન્ટ અન્વયે પીજીવીસીએલ પક્ષકાર દ્વારા સોલાર જનરેટેડ યુનીટના સેટઓફ યુનીટ પર બેંકિંગ ચાર્જ રૂ.૧.૫/યુનીટ લેખે વસુલ કરે છે, અને સદર સેટઓફ ડેઈલી બેઝ મુજબ કરવામાં આવે છે. પરંતુ નામદાર જીઈઆરસીના હુકમ નં -૧૯૩૬/૨૦૨૧ મુજબ બેંકિંગ ચાર્જીસ રદ કરવા અને સેટઓફ દર મહીને આપવા અને વસુલેલ બેંકિંગ ચાર્જ રદ કરવા ફોરમ સમક્ષ રજૂઆત કરેલ છે.

૪.૪ ઉપરોક્ત ફરિયાદ અન્વયે પીજીવીસીએલ પક્ષકાર દ્વારા પત્ર નં- પીજીવીસીએલ/આરએન્ડસી/૫૯૦ તા.૦૪-૦૬-૨૦૨૧ રજુ કરેલ છે, તે મુજબ મેં. સનશાઇન ટાઈલ્સ કંપની લી. અને પીજીવીસીએલ પક્ષકાર વચ્ચે તા.૧૭-૦૫-૨૦૨૧ ના રોજ સોલાર વ્હીલીંગ એગ્રીમેન્ટ કેપ્ટીવ વપરાશ માટે થયેલ છે, જેની નકલ ફોરમ સમક્ષ રજુ કરેલ છે. પીજીવીસીએલની રજૂઆત મુજબ અરજદારને સેટઓફ અને લાગુ પડતા ચાર્જીસ એગ્રીમેન્ટ મુજબ વસુલવામાં આવે છે.

૪.૫ સદર સોલાર વ્હીલીંગ એગ્રીમેન્ટ ગુજરાત સોલાર પોલીસી-૨૦૨૧ હેઠળ અમલવારી થયેલ છે, તે મુજબ સોલાર પોલીસી -૨૦૨૧ નોટીફીકેશન તા.૨૯-૧૨-૨૦૨૦ થી તા.૩૧-૧૨-૨૦૨૫ દરમ્યાન કાર્યરત ગણાશે તે મુજબ સોલાર પાવર સીસ્ટમ ઇન્સ્ટોલેશન અને કમીશનીંગ સદર સમયગાળા દરમ્યાન થયલ હોય, તેના લાભો અને પ્રોત્સાહન સદર પોલીસી મુજબ મેળવવાની પાત્રતા ધરાવશે. ફરિયાદી અરજદારનો સદર સોલાર પ્રોજેક્ટ **GEDA** ના સર્ટીફીકેટ મુજબ તા.૨૯-૦૫-૨૦૨૧ ના રોજ કાર્યરત થયેલ છે.

૪.૬ ફરિયાદી અરજદાર દ્વારા રજુ કરેલ નામદાર જીઈઆરસીના ઓર્ડર નં -૧૯૩૬/૨૦૨૧ તા.૧૧.૦૬.૨૦૨૧ ના પેરા નં ૩૨.૧ મુજબ અને સીજીઆરએફ – યુજીવિસીએલ ના કેસ નં **–UGA-04-002-2022-23** તા.૦૪-૦૨-૨૦૨૩ ના રોજ **Airolam Limited** વિરુદ્ધ યુ.જી.વિ.સી.એલ. હિંમતનગર વચ્ચેની ફરિયાદનો હુકમ અરજદારની તરફેણમાં કરેલ છે, તે મુજબ બેન્કિંગ ચાર્જ રદ કરવો અને વસુલેલ બેન્કિંગ ચાર્જ પરત આપવાનો ઓર્ડર કરવામાં આવેલ છે, તે મુજબ થયેલ હુકમની વિગત નીચે મુજબ છે.

- UGVCL Consumer no. HT-33285, Existing load in KVA-900 KVA,
- GEDA registration date- 23.9.2020, Capacity of solar project- 990 KW
- Grid connectivity & new material estimate of Rs.57366/-issued on 21.11.20
- Estimate was paid on dtd.7.12.20
- CEI approved- CEI/GAN/42086/21 dtd.25.1.2021
- Submission of agreement- 17.5.2021
- Installation of ABT & solar meters- 02.6.2021
- New solar policy 2021 was implemented from 1.1.20
- As per clause no. 10.12 of solar policy 2021 & as per agreement clause no.9.1 banking charge is to be recovered for the connection release after new policy.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

- UGVCL has confirmed and agreed that connection release before 11.6.21, banking charge will not be applicable as per order of petition 1936 of 2021, para 33 (1) date 11.6.21.
- Order issued in favour of applicant.

૪.૭ ફરિયાદી અરજદાર દ્વારા રજુ કરેલ નામદાર જીઈઆરસીના ઓર્ડર નં-૦૩/૨૦૨૦ તા.૦૮-૦૫-૨૦૨૦, સુઓમોટો ઓર્ડર નં-૦૬/૨૦૨૦ તા.૦૫-૦૮-૨૦૨૦ અને નામદાર જીઈઆરસીના ઓર્ડર નં-૧૯૩૬/૨૦૨૧ તા.૧૧.૦૬.૨૦૨૧ અન્વયે સદર ફરિયાદી અરજદાર દ્વારા રજુ કરેલ જેડા સર્ટીફીકેટ મુજબ સોલાર પ્લાન્ટ તા.૨૯.૦૫.૨૦૨૧ ના રોજ કાર્યરત થયેલ છે. પીજીવીસીએલ પક્ષકાર દ્વારા અરજદાર સાથે થયેલ પ્રોવિઝનલ સોલાર વિલીંગ એગ્રીમેન્ટ મુજબ ચાર્જીસ વસુલવામાં આવે છે. પરંતુ સદર બાબતે અરજદારની ફરિયાદ મુજબ બેંકિંગ ચાર્જ અને સેટ-ઓફ યુનિટની ગણતરી નામદાર જીઈઆરસીનાં ઓર્ડર નં.૧૯૩૬/૨૦૨૧ મુજબ કરવા રજુઆત કરેલ છે.

| વિગત | લાગુ પડતા જીઈઆરસીના ઓર્ડર નં. | બેંકિંગ ચાર્જ | સેટઓફ યુનિટ ચાર્જ |
|---|---|---|---|
| અરજદારની રજુઆત મુજબ | ૧) ૩/૨૦૨૦ તા.૦૮.૦૫.૨૦<br>૨) ૬/૨૦૨૦ તા.૦૫.૦૮.૨૦<br>૩)૧૯૩૬/૨૦૨૧ તા.૧૧.૦૬.૨૧ | Nil | Monthly Bases |
| પીજીવીસીએલ પક્ષકારની રજુઆત મુજબ | સોલાર પાવર વિલીંગ પ્રોવિઝનલ એગ્રીમેન્ટ તા.૧૭.૦૫.૨૦૨૧ | Rs.1.5/Unit on Solar Energy Consumed (Other than MSME) | Between 07 Hrs. to 18 Hrs. on same day |

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

ઉપરોક્ત વિગતોનો અભ્યાસ કરતા અરજદારની રજૂઆત મુજબ સોલાર એનર્જીના સેટઓફ અને ચાર્જીસ નામદાર જીઈઆરસીના ઓર્ડર નં-૧૯૩૬/૨૦૨૧ મુજબ વસુલવા રજૂઆત કરેલ છે, જયારે પીજીવીસીએલ પક્ષકારની રજૂઆત મુજબ અરજદાર સાથે થયેલ સોલાર વ્હીલીંગ પ્રોવિઝનલ એગ્રીમેન્ટ મુજબ સોલાર એનર્જી સેટઓફ અને ચાર્જીસ એગ્રીમેન્ટ મુજબ વસુલવામાં આવેલ છે.

આમ, સદર બાબત સોલાર જનરેટર અને પીજીવીસીએલ પક્ષકાર વચ્ચે ઉપરોક્ત ચાર્જીસ વસુલવાની બાબત નામદાર જીઈઆરસીના ઉપરોક્ત ઓર્ડર અને સોલાર પોલીસી-૨૦૨૧ અન્વયે થયેલ સોલાર પાવર વ્હીલીંગ એગ્રીમેન્ટના અમલીકરણ અન્વયે અર્થઘટન કરવાની બાબત જણાય છે.

૪.૮ આમ, ઉપરોક્ત મુદ્દા નં ૪.૭ અન્વયે નામદાર જીઈઆરસી દ્વારા કરાયેલ ઓર્ડર નં-૧૯૩૬/૨૦૨૧ મુજબ અરજદારની ફરિયાદનું નિરાકરણ કરવાની સતા ફોરમના કાર્યક્ષેત્રમાં આવતી ન હોવાથી, **M/s Sunshine Tiles Co. Pvt. Ltd.** અને પીજીવીસીએલ વચ્ચે થયેલ પ્રોવિઝનલ વ્હીલીંગ એગ્રીમેન્ટના ક્લોઝ નં -૧૩.૦ (Dispute Resolution) નીચે મુજબ રજુ કરેલ છે, તે પ્રમાણે ફરિયાદનું નિરાકરણ કરવાની જોગવાઈ નોંધાયેલ છે.

| | |
|---|---|
| 13.1 | All disputes or differences between the parties arising out of connection with this agreement shall be first tried to be settled through mutual negotiation. |
| 13.2 | Parties hereto agree to attempt to resolve all disputes arising here under promptly, equitably and in good faith. |
| 13.3 | Each party shall designated in writing and communicate to the other party its own representative who shall be authorized to resolve any dispute arising under this agreement in an equitable manner and unless otherwise expressly provided herein, to exercise the authority of the parties hereto make decision by mutual agreement. |
| 13.4 | In the event that such differences or disputes between the parties are not settled through mutual negotiations within sixty (60) days after such dispute arises then it shall be adjudicated by appropriate commission in accordance with law. |

આમ, ઉપરોક્ત બાબતે ફરિયાદી અરજદાર અને સામેવાળા વચ્ચે થયેલ કરાર મુજબ સદર ફરિયાદના નિર્ણય કરવાની સતા ફોરમના કાર્યક્ષેત્રમાં સમાવિષ્ટ થતી ન હોય, અરજદારની ફરિયાદ દફતરે કરવામાં આવે છે.

Joshi. Nitinvan.

| | | |
|---|---|---|
| (એન.એચ.જોષી) | (પી.જે.મહેતા) | (એન.સી.મકવાણા) |
| સભ્ય (સ્વતંત્ર) | સભ્ય (ટેકનીકલ) | ચેરપર્સન |

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Rajkot